# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એકેડેમિક/૨૩૧૮/૨૦૨૦ તા.૧૪/૦૭/૨૦૨૦

પરિપત્ર-૨૧૦૦

વિષય : ઓનલાઈન પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (PAEC) બાબત.
સંદર્ભ : (૧) આ યુનિવર્સિટીનો તા.૩૦/૦૬/૨૦૨૦ નો પરિપત્ર-૨૦૮૭
(૨) આ યુનિવર્સિટીનો તા.૦૬/૦૭/૨૦૨૦ નો પરિપત્ર-૨૦૯૫

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી., બી.કોમ., બી.એ., બી.બી.એ., બી.એસ.ડબ્લ્યુ., બી.આર.એસ., બી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને સંબંધિત વિદ્યાર્થીઓને જણાવવાનું કે, તા.૧૩/૦૭/૨૦૨૦ ના રોજ C.B.S.E. ના ધોરણ-૧૨ ના પરિણામો જાહેર કરવામાં આવેલ છે. આમ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીની સુચના અનુસાર આ યુનિવર્સિટી દ્વારા ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી શરુ કરવામાં આવેલ છે. *આમ બી.એસસી., બી.કોમ., બી.એ., બી.બી.એ., બી.એસ.ડબ્લ્યુ., બી.આર.એસ., બી.સી.એ. જેવા અભ્યાસક્રમોના સેમેસ્ટર-૧ માં પ્રવેશ માટે અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે જરૂરી ઓનલાઈન પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (PAEC) ની પ્રક્રિયા યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in તા.૧૪/૦૭/૨૦૨૦ થી શરૂ કરેલ છે.* તેમજ આ પ્રક્રિયા ઉપરોક્ત અભ્યાસક્રમો માટે જાહેર કરવામાં આવેલ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ સુધી જ કાર્યરત રહેશે, જેની સર્વેને નોધ લેવા અને ખાસ કરીને સંબંધિત વિદ્યાર્થીઓને આ માટે યુનિવર્સિટી ખાતે રૂબરૂ ન આવવા અને નિયમિત રૂપે યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in ની મુલાકાત લેતા રહેવા જણાવવામાં આવે છે.

નોંધ : ઓનલાઈન PAEC મેળવવાની પ્રક્રિયાના સંદર્ભનો પરિપત્ર-૨૦૮૭ આ સાથે આપની સમજ માટે સામેલ રાખેલ છે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી., બી.કોમ., બી.એ., બી.બી.એ., બી.એસ.ડબ્લ્યુ., બી.આર.એસ., બી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું

નં. એકેડેમિક/૨૧૯૬/૨૦૨૦ તા.૩૦/૦૬/૨૦૨૦

પરિપત્ર:૨૦૮૭

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, અન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટીમાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (PAEC) મેળવવું ફરજીયાત છે. જેની ઓનલાઈન લીંક યુનિવર્સિટીની વેબસાઈટ **www.sggu.ac.in** પર મૂકવામાં આવેલ છે. પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (PAEC) બાબતે હાલની મહામારીને ધ્યાને લેતા કોઇપણ વિદ્યાર્થીને હવે પછી કોઇપણ સંજોગોમાં યુનિવર્સિટી ખાતે મોકલવા નહી. આ બાબતે જોઈ મૂંઝવણ/પૂછપરછ હોય તો **paec@sggu.ac.in** પર ઈ-મેઈલ કરવાનો રહેશે, જેની નોંધ લેશો. જેની જરૂરી સૂચનાઓ આ સાથે સામેલ છે.

**ખાસ નોંધ**: તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ખાસ જણાવવાનું કે, એડમિશન વખતે કોઈ વિદ્યાર્થી પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (PAEC) રજૂ કરે ત્યારે તે વિદ્યાર્થીના તમામ અસલ ડોકયુમેન્ટની ખરાઈ કરવાની રહેશે. ખરાઈ કર્યા પછી એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (PAEC) પર કોલેજનું નામ અને સહી-સિક્કા ફરજીયાત કરવાના રહેશે. જેનો નમૂનો આ સાથે સામેલ છે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં

બિડાણ :
- આવશ્યક સૂચનાઓ.
- પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (PAEC) નમૂનો.

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુ□ યુનિવર્સિટી, ગોધરા**

(ગુજરાત એક્ટ નં.૨૪ દ્વારા સ્થાપિત)

સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુરપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

---

## Shri Govind Guru University
## Godhra

P.A.E.C. No:

### Provisional Admission Eligibility Certificate

Shri/Smt./Kum.______________________________________________Provisionally joining the ________________in Academic Year__________________. Class of a constituent/affiliated college in this university at his/her own risk, and subject to confirmation and production of an Eligibility Certificate from this office before the close of the first academic term after which this certificate shall be inoperative.

Date: Registrar

N.B.:

1. This certificate is only valid after document verification by admission issuing Institute/College/Head/Principal through.
2. The certificate is issued without prejudice to the final decision in the case which will depend upon the nature of evidence ultimately produced by the candidate in the form of the certificate specified in the form of application for the certificate of eligibility and/or required by the office.
3. If the Final Eligibility Certificate is not obtained before the end of the term, the candidate is liable to lose the fee and attendance kept by him/her during the term.
4. When you come to obtain the Final Eligibility Certificate, you have to produce the Migration Certificate (Original), Degree certificate or Provisional Passing Certificate (Zerox Copy) [from the University/Board last attended] and the Zerox copy of the Provisional Eligibility Certificate (PEC)

Verification

Documents are verified & found correct

Signature & Stamp of Principal:

College Name:

---

# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુ□ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)

સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

---

## :: પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ મેળવવા અંગે આવશ્યક સૂચના ::

1. અન્ય યુનિવર્સિટી/બોર્ડમાંથી આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા પહેલા પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ લેવું ફરજીયાત છે.
2. પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ અંગેની ફી રૂ./- ૨૦૦ રાખવામાં આવેલ છે. ફી એકવાર ભર્યા પછી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.
3. પ્રોવિઝનલ એલેજીબીલીટી પ્રમાણપત્ર અંગેની પ્રક્રિયા ઓન લાઈન હોય, વિદ્યાર્થી પાસે ઈ-મેઈલ આઈ.ડી. હોવું ફરજીયાત છે. અન્યથા પ્રમાણપત્ર મળી શકશે નહિ. વિદ્યાર્થીએ ફોર્મ ભર્યા પછીના ૪૮ કલાકમાં તેમણે ભરેલ ફોર્મમાં જણાવેલ ઈ-મેઈલ આઈ.ડી. પર પ્રોવિઝનલ એલેજીબીલીટી પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા મોકલવામાં આવશે.
4. ઈ-મેઈલ આઈ.ડી. ફરજીયાતપણે સાચું નાખવાનું રહેશે. ઈ-મેઈલ આઈ.ડી. માં ભૂલ થશે કે ખોટું નાખવામાં આવશે તો પ્રમાણપત્ર મળી શકશે નહિ. આ અંગેની સઘળી જવાબદારી પ્રોવિઝનલ ફોર્મ ભરનાર સંબંધિત વિદ્યાર્થીની રહેશે.
5. પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ બાબતે જો કોઈ વિદ્યાર્થીઓને મુશ્કેલી જણાય તો paec@sggu.ac.in. પર ઈ-મેઈલ કામકાજના દિવસો દરમ્યાન જાણ કરવાની રહેશે.
6. પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ ફોર્મ સાથે જરૂરી આધારો અપલોડ કરવા ફરજીયાત છે. આધારો અપલોડ ન કરેલ કે અધૂરા જોડેલ અથવા ખોટા આધારો અપલોડ કર્યેથી પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ અત્રેથી જારી ન થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે. આ અંગે યુનિવર્સિટીની કોઇ જ જવાબદારી રહેશે નહીં.
7. ફોર્મ સબમિટ/સેવ કર્યા પછી તે ફોર્મની તે ફોર્મની પેમેન્ટ રીસીપ્ટની પ્રિન્ટ સાચવી રાખવી જરૂરી છે. કોલેજ ખાતે પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ જમા કરાવતી વખતે તમામ અસલ ડોકયુમેન્ટ સાથે લાવવા જરૂરી છે. તમામ અસલ ડોકયુમેન્ટની ચકાસણી કરવાની જવાબદારી કોલેજની રહેશે. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ખાતે કોઇપણ સંજોગોમાં મોકલવા નહી.
8. ઉપરોક્ત દર્શાવેલ તમામ ડોકયુમેન્ટની કલર સ્કેન કોપી અપલોડ કરવી. ઝેરોક્ષ નકલ અપલોડ કર્યેથી ફોર્મ રદ થવા પાત્ર રહેશે.
9. જો કોઈ વિદ્યાર્થી અગર સીધા જ સેમેસ્ટર-૩ માં પ્રવેશ લેવા માંગે છે તો તેમણે અગાઉના એટલે કે સેમેસ્ટર-૧ થી ૨ ફરજીયાત પાસ હોવા જરૂરી છે.
10. જો કોઈ વિદ્યાર્થી અગર સીધા જ સેમેસ્ટર-૫ માં પ્રવેશ લેવા માંગે છે તો તેમણે અગાઉના એટલે કે સેમેસ્ટર-૧ થી ૪ ફરજીયાત પાસ હોવા જરૂરી છે.
11. ધોરણ-૧૦ પછીના ડીપ્લોમાનો અભ્યાસ કરેલ હોય અને સીધો જ સેમેસ્ટર-૩ માં પ્રવેશ લેવા માંગે છે તેમણે ઇકવીવેલેન્સ/સમકક્ષતાનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
12. પ્રોવિઝનલ એડમિશન એલિજિબીલિટી સર્ટિફીકેટ સાથે અપલોડ કરવાના ડોક્યુમેન્ટની યાદી નીચે મુજબ છે.
    - ધોરણ- ૧૨ ની માર્કશીટ

---

- શાળા છોડયાનું પ્રમાણપત્ર
- સમકક્ષતાનું પ્રમાણપત્ર
- સ્નાતકની કક્ષાની છેલ્લા બે સેમેસ્ટરની માર્કશીટ (જો લાગુ પડતું હોય તો)
- અનુસ્નાતક કક્ષાની છેલ્લા બે સેમેસ્ટરની માર્કશીટ (જો લાગુ પડતું હોય તો)
- જો ગેપ હોય તો એફિડેવિટ (જો લાગુ પડતું હોય તો)
- યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ઇન્ટર્નશીપ ક્મ કમ્પલીશન સર્ટિફિકેટ (ફક્ત મેડીકલ અને પેરામેડીકલના કોર્સ માટે) (જો લાગુ પડતું હોય તો)